નમસ્કાર ગાંધીનગર

પમરાટ

એક ભૂરા આકાશની આશા ફૂટી,
મને ડાળખીને પંખીની ભાષા ફૂટી.

- સુરેશ દલાલ

પાથેય

- રમેશ ઠક્કર

ડાળખીની વાચા...

આકાશનો આશાવાદ ગજબ હોય છે..જે રીતે એક ડાળખી માટે પંખીની ભાષા કે ચહલપહલ સમજવી સહજ હોય છે એમ જ આકાશની આશા પણ એટલી જ ગહન હોય છે..કવિ આ મર્મને શબ્દોમાં આબાદ રીતે વ્યક્ત કરે છે...પ્રકૃતિની છટાઓને વિવિધ શબ્દાવલિઓમાં સજાવતો સર્જક માનવ અને કુદરત વચ્ચેનો સેતુ બની જાય છે..

કહેવાય છે કે આશા અમર છે.કુદરતની વ્યવસ્થામાં શક્યતા કાયમ જીવંત હોય છે.માણસ માટે આશા એક એવો તંતુ છે જે આમ જોઈએ તો નાજુક લાગે પણ ભીતરથી એ પોલાદી હોય છે..અડીખમ રહેવા માટેનું ઓસડ કયું હોઈ શકે ? કેટલાક લોકો સતત અડચણો કે અવરોધો વચ્ચે આસ્થાની લ્હેરખી સાથે વિહરતા રહે છે. કામિયાબી કદાચ આવા માણસો માટે જ રાહ જોતી હોય છે..જગતમાં એવી અનેક પ્રતિભાઓ છે જે શરૂઆતમાં કે સંઘર્ષની તબક્કે એટલી બધી અવહેલનાનો સામનો કરે છે કે એમના માટે ટકવું મુશ્કેલ બની જાય..પરંતું એમની ભીતર કોઈ એવો સંચાર સળવળતો હોય છે જે એમને અડીખમ રાખે છે..સામાન્ય માણસ જે મુકામ ઉપર શરણાગતિ સ્વીકારી લે છે એવા પ્રસંગોમાંથી આવા લોકો નવી ઉર્જા મેળવી લેતા હોય છે..પરેશાની જાણે એમના માટે આસાની બની જાય છે !

કવિનો મર્મ જરાક જુદો પણ છે..આપણે જન્મથી જ જાતજાતના સંકેતો કે ભાષાઓ શીખીએ છીએ..જે માટે ભાગે આપણી દૈહિક કે ભૌતિક જરૂરિયાતોને પૂર્તિ માટેની જ હોય છે..આપણી બોલીમાં એક જાતનું ડહાપણ કે લાદેલી શિસ્ત હોય છે..એ કુદરતી નથી હોતી..સહજ બોલનારની જગતમાં કોઈ ગણતરી થતી હોતી નથી..માણસે બોલવાને પણ કળાનું સ્વરૂપ આપ્યું છે..પક્ષીઓ કે પ્રાણીઓમાં આવું હોતું નથી..એમની બોલી કે કલરવ સાહજિક હોય છે..ઉડતા પંખીનો આશાવાદ એ વિરાટ ગગન છે..વૃક્ષની શાખાઓ ખુલ્લા અવકાશમાં ફેલાય છે..જેમ પંખીની એક ભાષા હોય છે..લય હોય છે એમ જ વૃક્ષને ફૂટતી ડાળખીની પણ એક વાચા હોય છે..એની સ્ફૂટ થવાની રીત આગવી હોય છે..ડાળખીના હોઠોનું હલનચલન આખા વૃક્ષને ઉઘાડ આપે છે..કોઈ અજાણ્યું પંખી એની આ અજાયબ ભાષાને સમજી શકવા સમર્થ હોય છે..લખેલી ડાળ ઉપર બેસીને કલરવ કરી કોઈ કોયલ કે એને લપેટાઈને ઝૂલતો કોઈ પોપટ કે અવનવાં પક્ષીઓના મેળાવડા થકી કોલાહલમય થઈ જતું આખું ઝાડ એ આકાશ સાથેના એના નાતાનું અનુસંધાન છે..

આ રોમાંચ જેવો તેવો નથી..આપણું સુખ એ સંસારીના સુખ જેવું કાચું કે બટકણું હોય છે. એમાં કુદરત પ્રત્યેની આસ્થા કે નિષ્ઠાનો અભાવ હોય છે..આનંદનો પણ પોતાનો એક સ્વભાવ હોય છે...વૃક્ષ ઉભું રહે છે ધરતી ઉપર પણ ઝીલાય છે આકાશમાં..એ પ્રભાવમાં હોય છે ફરફરતા પવનના..આપણી દોડ મર્યાદિત છે અને એટલે આપણું આકાશ પણ સિમિત બની જાય છે..આપણે જ આપણી વ્યાપકતાને ટૂંપાવીએ છીએ અને એટલે જ આપણે જે બોલીએ છીએ એ અવાજ ટહુકો નથી બનતો..આકાશમાં ફેલાઈ જતો ટહુકો એ બીજું કાંઈ નથી ડાળખીને ફૂટેલી પંખીની ભાષાનો એક રોમાંચ હોય છે !

મોદીની રાજકીય કુનેહ સૌ સ્વીકારે છે

તંત્રીસ્થાનેથી...

રાષ્ટ્રપતિનાં ભાજપ દ્વારા ગણતરીપૂર્વક પસંદ કરાયેલ મહિલા ઉમેદવારની જીત તો તે જ દિવસે સુનિશ્ચિત થઈ ગઈ હતી જયારે એમના પર ઓચિંતો જ વડાપ્રધાનનો ફોન આવ્યો હતો. દીકરીએ જોયું કે મમ્મા અવાચક બની ગઈ છે અને માંડ માંડ વિવેકપૂર્ણ શબ્દોમાં કોઈ મોટા રાજકીય નેતા સાથે વાત કરી રહી છે. એની આંખો છલકાઈ ગઈ હતી કારણ કે આ એક એવી મોટા પદની ઓફર હતી જેનું એણે કયારેય સપનું પણ જોયું ન હતું. એને પોતાની સામાજિક અને અન્ય મર્યાદાઓ પરત્વે પૂરતી સભાનતા હતી. એથી સ્તો દ્રૌપદી મુર્મૂએ બહુ જ નિખાલસ પ્રતિભાવ આપતાં મીડિયા સમક્ષ હૈયું ખોલીને વાત કરી હતી કે અમે આદિવાસી સમાજના લોકો આવાં મોટાં સપના જોવા ટેવાયેલા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે જ ભારતીય જનતા પાર્ટીના સર્વાધિકારો સુરક્ષિત હોઈ એમને આવા રાષ્ટ્રીય કે આંતકરરાષ્ટ્રીય સ્તરના રાજકીય નિર્ણયો લેવા માટે કોઈની સલાહ કે મંજૂરીની જરૂર નથી રહેતી. એમની જ પાર્ટીના પૂર્વાવતારમાં દેશમાં સર્વાધિક લોકપ્રિય નેતા અટલબિહારી વાજપેયીને આવી સુવિધા નહોતી. એમને દરેક બાબત અડવાણી જેવા ડેપ્યુટી અને સંઘ જેવી પિતૃ કે માતૃસંસ્થા પાસે 'ઓકે' કરાવવી પડતી હતી. આથઈ મોટે ભાગે તેઓ નિર્ણયો લેવાનું મહત્ત્વનાં કામ સ્વેચ્છો અડવાણી જેવા વિચક્ષણ નેતાને જ સોંપતા હતા અને પછી જે નિર્ણય થાય એના પર ચુપચાપ મંજૂરીની મહોર મારી લેતા હતા. વડાપ્રધાનોમાં પંડિત જવાહરલાલ નહેરુ જેવા લોકશાહીના પાયાના સિદ્ધાંતોના પુરસ્કર્તા પણ એમના સાથીઓને અંધારામાં રાખીને નિર્ણયો નહોતા લેતા. અલબત્ત એમના પછી એ જ પદ પર આરૂઢ થનારાં પ્રિયદર્શિની ઈંદિરાજીએ કોઈને પૂછવાપણું નહોતું રાખ્યું છતાં કોઈ બાબત એમના કાશ્મીરી સલાહકાર માખનલાલ ફોતેદાર કે આર.કે. ધવન સાથે પૂરો પરામર્શ કર્યા વગર જાહેર નહોતા કરતા. આમ ભારતના લોકતંત્રના ઈતિહાસમાં સૌથી તાકતવર વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી ઊપસી આવેલ છે. જે કોઈ ચમરબંધીની પણ પરવા કર્યા વગર સીધો નિર્ણય લઈ શકે છે જે એમની પાર્ટીને જ નહીં બલકે અત્યાર લગી કટ્ટર વિરોધી રહેલા શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરેને પણ માન્ય રાખવો પડે છે. શિવસેનાએ રાષ્ટ્રપતિ પદના શરદ પવાર દ્વારા સ્પોન્સર કરાયેલા અનુભવી, કાર્યદક્ષ અને વિદ્વાન ઉમેદવાર યશવંત સિન્હાનું સમર્થન નહીં કરીને મોદીની આડકતરી આણ જ સ્વીકારી લીધી છે. શિવસેનાને એની હેસિયત બતાવી દઈ એની પાસેથી મહારાષ્ટ્રનું મુખ્યમંત્રી પદ છીનવી લેનાર ભારતીય જનતા પાર્ટી સ્વાભાવિક રીતે જ આ મુદ્દે ગૌરવ લઈ શકે. ઉદ્ધવ અને એમના પ્રવક્તા સંજત રાઉતને 'મિયાં લપસી પડ્યા તોય ટંગડી ઊંચી' વાળા ન્યાયે કહેવા ખાતર ભલે કહેવું પડતું હોય કે એમણે આદિવાસી મહિલાને રાષ્ટ્રપતિ પદ જેવું સર્વોચ્ચ પદ મળે છે તે કારણસર અને નહીં કે ભાજપના દબાણથી એ દ્રૌપદી મુર્મૂનું સમર્થન કરી રહ્યા છે પણ હકીકત એ છે કે શિવસેનાના બચેલા ધારાસભ્યો અને સાંસદો પણ હવે પછીની ચૂંટણીમાં કોંગ્રેસ-એનસીપી વાળા યુપીએ જૂથ સાથે નહીં બલકે સાન વિચારધારા વાળા ભાજપ સાથે જ બેસવામાં સલામતી સમજે છે. ઉદ્ધવ ઠાકરેએ અગાઉ એનડીએ સાથે હોવા છતાં મહિલા ઉમેદવાર પ્રતિભા પાટિલનું અને પ્રણવ મુખર્જીનું સમર્થન કર્યાનું સ્મરણ કરાવ્યું છે. ભલે, એ બાળાસાહેબ ઠાકરેના નિર્ણયો હતા. કયાંક એમાં 'મરાઠી માણૂસ' વાળો મુદ્દો હતો તો કયાંક કેન્દ્ર સરકાર સાથે ટકરામણ ટાળી રાષ્ટ્રપતિ પદે આરૂઢ થવાની સંપૂર્ણ શક્યતાઓ ધરાવતા વિચક્ષણ નેતાની ગુડબુકમાં રહેવાની રાજનીતિ હતી. વડાપ્રધાન મોદીએ તો મુર્મુનું પત્તું ઉતારીને રીતસર ઘણા બધા વિરોધીઓને ઘૂંટણિયે પાડી દીધા છે. એમાં ઉદ્ધવથી લઈ હેમંત સોરેન, અને ઓડિશા તથા દિલ્હી અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીઓ સામેલ છે.

પંડમાં પોઢેલા ગુરુત્વને સો પિછાણો એવી શુભેચ્છા

લાગણીનો મેળો
રસિક વાળંદ

સદ્‌ગુરુ કી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર....
લોચન અનંત ઉઘારિયા, અનંત દિખા વણહાર.
- કબીર

●●●

અષાઢી પૂનમ.... વ્યાસપૂર્ણિમા.... 'મનીનામ્પ્યહમ્ વ્યાસઃ ।' એમ કહીને ગીતાકારે જેમને બિદરાવ્યા છે એ વેદવ્યાસ.... 'વ્યાસ' એટલે સંસ્કૃતિના વિચારો પ્રચાર કરનાર.... સંસ્કૃતિના વિચારો જે 'પીઠ' પરથી વહેતા થાય તે વ્યાસપીઠ.

વ્યાસપીઠ પર આરૂઢ થઈને જે નિઃસ્વાર્થ ભાવે પોતાની ઉપાસના કાં તો ભક્તિ સમજીને સ્વકર્તવ્ય રુપે સંસ્કૃતિના પ્રચારનું વ્રત લે તેની પૂજા કરી કૃતકૃત્ય થવાનું પર્વ.

વ્યાસજી એટલે હિન્દુ ધર્મના પિતા... 'વ્યાસોચ્છિષ્ટં જગત્ સર્વમ્ ' વ્યાસજીને અતિક્રમે એવો કોઈ સમાજશાસ્ત્રી નથી. વ્યાસજી સમાજના સાચા ગુરુ હતા. પાંડુરંગ શાસ્ત્રી. (પૂ.દાદા) તો કહેતા, 'નિર્જીવ વસ્તુને ઉપર ફેંકવા જેમન સજીવની જરૂર પડે છે તેમ લગભગ જીવહીન અને પશુતુલ્ય બનેલા માનવને દેવત્વ તરફ મોકલવા જીવંત વ્યક્તિની આવશકતા રહે છે. આ વ્યક્તિ એટલે ગુરુ.' ગુરુ એટલે જે લઘુ નથી તે અને જે લઘુને ગુરુ બનાવે તે.

ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠ પરંપરા એટલે ગુરુ-શિષ્ય પરંપરા. આજે ગુરુનું સ્થાન બદલાયું છે, નીચું ગયું છે આપણી કે આપણી 'ગુરુ - શિષ્ય પરંપરા' લુપ્ત થઈ છે... વગેરે વગેરે... નકારાત્મક વાતો સાંભળતા હોઈએ પરંતુ જયાં સુધી સત્ય, ધર્મ અને સારાપણું ટકેલું છે ત્યાં સુધી ગુરુ કે ગુરુ-શિષ્ય પરંપરા ટકેલી જ છે ને રહેશે જ !

દોસ્તો, 'ગુ' એટલે અંધકાર ને 'રુ' એટલે પ્રકાશ. અજ્ઞાનનો અંધકાર હટાવી જ્ઞાનનો પ્રકાશ જીવનમાં જે ફેલાવે તે સગળા આપણા ગુરુ... થોમસ એડીસનની ગુરુ તેની માતા હતી. શિક્ષકોએ તો ભણાવવાની ના પાડી. તો માએ ઘરે ભણાવી વૈજ્ઞાનિક બનાવ્યા,.. વિષ્ણુ ગુપ્તને ચાણક્ય બનાવનાર ગુરુ. તેમના પિતા 'ચાણક' જ હતા. તેમણે જીવનની મુશ્કેલીઓ સામે ઝઝૂમતાં ને અન્યાયી રાજાઓનો વિરોધ કરતાં શીખવ્યા. એ જ ગુરુ ચાણક્ય એ રાષ્ટ્રનિર્માણ માટે ચંદ્રગુપ્ત જેવો શિષ્ય ઊભો કર્યો. થાકેલા, હારેલા નિરાશ અર્જુનને સદ્‌ગુરુ શ્રીકૃષ્ણે પાનો ચડાવી અધર્મ, અન્યાય સામે લડવા તૈયાર કર્યો. વિશ્વના દિવ્યાંગો જ નહીં સ્વસ્થ મનુષ્યો માટે પ્રેરણા રૂપ બનનાર બહેરી, મૂંગી, આંધળી હેલન કેલરના જીવનમાં જ્ઞાન નો પ્રકાશ પાથરનાર એની સુલીવાન ઉત્તમગુરુ બની હતી. રામકૃષ્ણ જેવા ગુરુ નરેન્દ્ર જેવા યુવાનને 'સ્વામી વિવેકાનંદ' બનાવી શકે.

મિત્રો, ભલે આપણે ગુરુ અને સદ્‌ગુરુનો વિભેદ કરતા હોઈએ, મોટે ભાગે સદ્‌ગુરુ એટલે આધ્યાત્મિક માર્ગે દોરવણી આપનાર. જયારે ગુરુ એટલે ભણાવનાર - શિક્ષણ આપનારના આર્થમાં લઈએ છીએ. ગુરુને આધ્યાત્મિક ગુરુના અર્થમાં લઈ શકાય. લેવાય પણ છે.. પરંતુ આજના સમયે ગુરુ - ગુરુજી એટલે શિક્ષકનો માનવાચક પર્યાય... વૈદિળ કાળમાં ગુરુ અને ગુરુકુળ હતાં. ગુરુકુલના ગુરુ એટલે શિક્ષાગુરુ. ગાંધીબાપુ રવીન્દ્રનાથને ગુરુદેવ કહેતા. આપણી શાળા-મહાશાળાઓની પ્રાર્થનામાં 'ગુરુ બ્રહ્મા.... ગુરુવિષ્ણુ.... ' શ્લોક ગવાય છે એમાં આજે પણ 'તસ્મૈ શ્રી ગુરુવે નમ્ :' બોલતાં વિદ્યાર્થીઓ ખરેખર આંખ મીંચી ભક્તિભાવે નમન કરતાં હોય છે. કબીરજી તો ગુરુ અને ગોવિંદ ઊભા હોય તો પ્રથમ ગુરુને પ્રણામ કરવાનું કહે છે.

આજે 'ગુરુ' શબ્દ જરા વધારે ભારે જણાય છે. એટલે સ્તો 'શિક્ષક' શબ્દ વાપરીએ છીએ. 'શિક્ષક' ને નર્યો વ્યવસાયવાચી શબ્દ છે. આપણે 'ગુરુજી' એવું રસાળ સંબોધન કરીએ છીએ પણ 'શિક્ષકજી' કહીએ તો કેવું લાગે !! આપણને તો અંગ્રેજોએ સોંપેલી થાપણનો 'સાહેબ' શબ્દ ટટ્ટાર કરી દે હવે તો 'સર' ને પાછા 'સરજી' (Sirji) આજકાલ આપણા નેતાઓ નામની પાછળ 'જી' લગાડતા થયા છે.

ખેર, અષાઢી પૂર્ણિમાએ મને મારા જીવતરને હરિયાળું કરનાર અનેક સાહેબોનું સ્મરણ થાય છે.... જેમનાં જ્ઞાનવારિ, નિર્વ્યાજ સ્નેહ, સદ્ ચરિત્રશ્રી મારા જીવતરનો ઘાટ બંધાયો છે. હું સદ્‌ભાગી છું કે મને ઉત્તમ આચારવાન આચાર્યો અને ગુરુ મિત્રો મળ્યા... બૃહદ જીવનદૃષ્ટિ ને મહાશિકણકાર સમા ગુરુજનોને હજારો વિદ્યાર્થીઓ પૂજ્યભાવથી વંદન કરતા....

અનુસંધાન પાના નં. ૭ પર

દિન મહિમા

● હિંડોળા પ્રારંભ

આજનું

ઔષધ

● કાનમાં સોજો આવતો હોય, માથાનો દુઃખાવો થતો હોય તો કાનમાં ટર્પેન્ટાઈનનાં તેલનાં બે-બે ટીપાં સવાર-સાંજ મૂકવાથી જલ્દી આરામ થઈ જાય છે.

ખડખડાટ

● કવિ ઝાડ ઉપર ચડ્યાં....
વાંદરો : કવિ કેમ ચાલ્યા ?
કવિ : કાજુ ખાવા...
વાંદરો : પણ આતો કેરીનું ઝાડ છે.
કવિ : તારું કામ કરને કાજુ ખિસ્સામાં છે.

આજનું

વોટ્સએપ

● ફક્ત પૈંસાથી જ માણસ ધનવાન નથી હોતો, અસલમાં ધનવાન એ છે જેની પાસે સારા વિચાર, મધુર વ્યવહાર અને સુંદર સમજ હોય છે.

જે મોડી રાત્રે ત્યાંથી પસાર થાય છે એ ગાયબ થઈ જાય છે

સ-રસ
મમતા બુચ

અષાઢ મહીનાની મેઘલી રાતના અંધકારના ઓળા ધરતી ઉપર ઊતરી રહ્યા હતા. કાળાં ડિબાંગ વાદળો ધરતી ઉપર ઝળુંબી રહ્યાં હતાં. એવે ટાણે સૌરાષ્ટ્રના એક નાનકડા ગામને છેડે આવેલા કસબામાં છેવાડાના એક ઘરમાં મા-દીકરો ધીમે અવાજે વાત કરી રહયાં હતાં.

"ના મા,ચિંત્યા કર મા. રૂખીબેનનું સાસરું બહુ આઘું નથ. અટાણે હાલી નીકળીશ તો મળસ્કું થાતાં તો પુગી જાઈશ", દીકરો માને ધરપત આપતો હતો. પણ માનો જીવ કચવાતો હતો, "ઈ હંધુ ય હાચું જગત, પણ ઈ રસ્તો જરીક બિકાળવો છે, ને સાંભળ્યું છે કે રાત-વરતે ઈયાંથી નીકળેલો જણ બીજો દિવસ જોવા નથી પામ્યો."

વાત જાણે એમ હતી કે જગતની બેન રૂખીને થોડેક દૂરના ગામમાં પરણાવી હતી અને અત્યારે એને પ્રસૂતિનીપીડા ઊપડી હતી. પરિસ્થિતિ જરાક કપરી હતી. રૂખીને તાત્કાલિક મોટા ગામના ડોક્ટરને ત્યાં ખસેડવી પડે એમ હતી. રૂખીના સાસરે એનો ઘરવાળો અને એક નાનો દિયર જ હતા. એવામાં માણસની જરૂર હતી. એટલે રૂખીના સાસરેથી કહેણ આવ્યું હતું કે જગતસિંહને તાત્કાલિક મોકલો. પણ વર્ષો પહેલાં ગામડાગામના રસ્તે મોડી રાત્રે વાહન મળવું મુશ્કેલ હતું. અને જગતને હજી બે પાંદડે થવાનું બાકી હતું. એટલે એની પાસે પોતાનું કોઈ વાહન નહોતું.

ને માના કચવાટનું કારણ પણ વ્યાજબી હતું. સાચું-ખોટું તો રામ જાણે, પણ આસ-પાસનાં ગામોમાં એવી વાયકા હતી કે રૂખીના પિયરથી એના સાસરે જતાં રસ્તામાં એક નાનું ખંડેર જેવું ઘર આવે છે એમાં ભૂતાવળ થાય છે. ઘરડાં માણસો કહેતાં કે વર્ષો પહેલાં એમાં એક બાઈ એનાં બે નાનાં બાળકો સાથે અકસ્માતે સળગી ગઈ હતી. ને કોઈક-કોઈક દિવસ એ દેખા દેતી હતી. એના હાથમાં હજી દાઝ્યાનાં નિશાન છે. જે મોડી રાત્રે ત્યાંથી પસાર થાય છે એ ગાયબ થઈ જાય છે. એના મૃતદેહનો પણ પત્તો મળતો નથી. ત્યારથી એ રસ્તો સાવ વેરાન થઈ ગયો હતો.

પણ અત્યારે જગતને બહેન સિવાય કોઈ દેખાતું નહોતું. છેવટે માને જગતની જીદ આગળ નમતું જોખવું પડ્યું. સાથે દીકરીની ચિંતા પણ હતી જ. કેટલાંય સલાહ-સૂચનો સાથે એણે જગતને જવાની રજા આપી. જગતે ઉતાવળે પગલાં ભર્યાં અને થોડીક ક્ષણોમાં તો ગામની બહાર રૂખીના સાસરે જવાના મારગે પહોંચી ગયો.

રાત સનસન કરતી વહી રહી હતી. ક્યાંક દૂર-દૂરથી કૂતરાંના રડવાનો અવાજ સંભળાતો હતો. બાકી સર્વત્ર સ્મશાનવત શાંતિ હતી. જગતસિંહ આમ તો બહાદૂર હતો પણ આવી અંધારી રાત્રે આવા રસ્તે એકલાં જતાં કોઈ પણ જણ થોડોક તો પાછો પડી જ જાય. સૂમસામ રસ્તા ઉપર જતા જગતને સામેથી કોઈક સફેદ ઓળો પાસે આવતો કળાયો. જગતે હિંમત એકઠી કરી. રસ્તે પગલાં તો માંડી દીધાં હતાં એટલે પાર કર્યે જ છૂટકો હતો.

ધીમે-ધીમે એ ઓળો વધારે પાસે આવ્યો. એના હાથમાં ફાનસ હતું. જગતે જોયું કે કોઈક ઘરડું માણસ હતું. અને ચારણ વરણનું હોય એવો એનો પહેરવેશ હતો. આંખની છાજલી કરીને એણે જગતને જોયો. પછી પૂછ્યું, "કોણ છો ભાઈ? આવી અંધારી રાતે આમ ક્યાં જાવાનું થ્યું?" જગતે કારણ બતાવ્યું એટલે એણે નજર જગત સામે નોંધી, "ઈ બરોબર, પણ તને ખબર નથી, આ રસ્તે તો ભૂતાવળ છે?" જગત પણ થડકે એવો નહોતો. એણે સામો સવાલ કર્યો, "અદા, મારે તો કારણ છે ને જાઉં છું પણ તમે અટાણે ક્યાં હાલ્યા? તમને બીક નથી લાગતી?" જવાબમાં ચારણ હસ્યો, "મડદાંને વળી વીજળીનો શું ભો? આ નીંદર નહોતી આવતી તે જરીક પગ છૂટો કરવા નીકળ્યો 'તો. આમે ય ઘરડાંને કોણ પૂછે ચ? પણ તું તારે જા,તારે મોડું થાશે."

જગતે આગળ ડગલાં ભર્યાં. હવે એક ચકલું ય ફરકતું નહોતું. તમરાંના અવાજ અને વરસાદના શરૂ થયેલા ઝીણા-ઝીણા છાંટા વચ્ચે જુગલબંદી રચાઈ રહી હતી. સૂકાં પાંદડાંઓ ઉપર ચામડાની મોજડીવાળા પગ દેતો જગત એ ખંડેર આગળ આવી પહોંચ્યો જ્યાં બાઈ સળગી ગઈ હતી. અને ત્યાં જગતે જે દ્રશ્ય જોયું એ કાચા-પોચાનું તો હૃદય જ બેસાડી દે એવું હતું. એ અવાવરુ જેવા ઘરની બહારની બાજુ બેસીને ધોળી સાડી પહેરેલી કોઈક બાઈ રોટલો ટીપી રહી હતી.

જગત ચૂપચાપ ત્યાંથી આગળ વધવા ગયો ત્યાં બાઈએ સાદ પાડ્યો, "ભાઈ! અટાણે આ રસ્તેથી ક્યાં જાવ છો? આમ તો આવ." જગતને થયું કે હવે પ્રતિકાર કરવો નકામો છે. એ જરાક અંતર રાખીને ઊભો રહ્યો. માંડ-માંડ એણે જવાબ આપ્યો, "આહીં પાસે જ, સુખપુર." બાઈ નરમાશથી બોલી, "ક્યારનો નીકળ્યો લાગે છે. લે, ભૂખ લાગી હોય તો બટકું રોટલો ખાતો જા." હવે જગતે હિંમતથી જવાબ આપ્યો, "ના બેન. ટાણાસર પહોંચી જાઉં ને! પણ તમે આહીંપઆવી કાળી રાતેપ. એકલાં?" જવાબમાં બાઈ ઉદાસીભર્યું હસી, "હા, એકલી જ છું. ઘણી બે વરસ પહેલાં મને મૂકીને ઉપર વયા ગ્યા. બીજો કોઈ વસ્તાર નથી. ભલે આ ઘર માટે લોકો ગમે ઈ કે'તા હોય પણ ગામમાં એકલી વિધવા બાઈને જે પિશાચો પજવે છે એના કરતાં તો ખરાબ કોઈ ભૂત ન હોય એમ માનીને આહીં હાલી આવી છું. ને તું માનીશ? હજી લગણ કોઈએ મને પજવી નથી- ગામના માણસું હોય કે ભૂત-પ્રેત!"

જગત વાતનો મર્મ સમજી ગયો. બાઈ સામે સહાનુભૂતિભરી નજર નાંખી એ પોતાના રસ્તે આગળ વધ્યો. ત્યાં નાના પથરા એકબીજા સાથે અથડાતા હોય એવો અવાજ આવ્યો. જગતે આભ સામે નજર માંડી. વીજળીના ચમકારા અને વાદળના ગગડાટ ચાલુ જ હતા. પણ આ અવાજ કઈંક જુદો જ હતો. બે ડગલાં માંડ્યાં ત્યાં જગતને એક નાનકડો છોકરો રમતો દેખાયો. એની સામે કુંડાળું દોરેલું હતું અને એ એમાં પથ્થરો ફેંકીને રમતો હતો. જગતને જોઈને એ ઊભો થઈ ગયો, "કાકા, ગામ બાજુ જાવ છો પણ મારાં બા-બાપુને કહેતાં નહીં હોં કે હું આહીં રમું છું. દિવસે નિસાળે મોકલે છે ને પછી ખેતરનું કામ હોય તે રમવાનો ટેમ જ નથી મળતો." એમ કહીને એ પાછો રમવામાં પડી ગયો.

જગતને હૈયે હાશ વળી. ઠાલાં જ લોકો બી મરે છે! ગામમાં પેસતાં જ જાહેર કરી દઉં! હવે તો ભળકડું થવાને થોડીક જ વાર હતી. આ સામે ગામ કળાય! ગામમાં હજી બધાનાં ઘરે શૌચાલય આવ્યાં નહોતાં એટલે આઘે-આઘેથી સીમ તરફ લોટો લઈને આવતાં માણસો ય કળાવા માંડ્યાં હતાં. પણ રૂખીબેનના ઘરે ગયાને એક વહાણું વાઈ ગયું હતું. રૂખીના ઘરે જવા ગામના ચોકથી જમણી બાજુ વળવાનું કે ડાબી બાજુ એ વિચારમાં અટવાયેલા જગતે સીમ તરફ આવતી એક નાનકડી સાતેક વર્ષની છોકરીને ઊભી રાખીને રૂખીનું સરનામું પૂછ્યું.

જવાબમાં છોકરીએ હાથ લાંબો કરીને આઘે એક ઘર તરફ ઈશારો કર્યો. પણ જગતને એ છોકરીની આંખોમાં કોઈ તેજ ન દેખાયું. છોકરીના લાંબા થયેલા હાથ ઉપર જગતની આંખો સ્થિર થઈ ગઈ. એના ઉપર દાઝ્યાનાં નિશાન હતાં! તે પછી આજ દિન સુધી જગતની ભાળ મળી નથી.

અમારે ઘર સુધી પાણી આવ્યા, તમારે ?

નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

પેલું કોણ કહેતું હતું કે, ગુજરાતમાં જ્યારે પટેલ મુખ્યમંત્રી હોય ત્યારે વરસાદ નથી થતો? લો જોઈ લો હાલ, ચારે બાજુ પાણી પાણી...

વરસાદની શરૂઆત થઈ ત્યારે એનું મન જરાક સૌરાષ્ટ્ર ઉપર ઢળેલું હતું. સુરત, વલસાડ, ડાંગ જિલ્લાની વાત હાલ બાજુએ રાખો ભૈસાબ. દક્ષિણ ગુજરાતનો એ આખો પટ્ટો વરસાદનો પહેલો પ્રેમ છે એટલે જ્યારે પણ કાળા મેઘ ગુજરાત પર વરસવાનો વિચાર કરે ત્યારે સૌથી પહેલા છાંટા ત્યાં જ પડવાના. હા, તો સૌરાષ્ટ્રમાં વરસાદ થયો અને અમદાવાદ કોરું રહી ગયું ત્યારે અમદાવાદીઓએ જે જીવ બાળ્યો હતો. અમદાવાદની બાજુમાં જ અડીને આવેલું એના જોડિયા ભાઈ જેવું ગાંધીનગર પણ કોરું કટ રહી ગયેલું. કેટલાક લોકોએ તો એમ પણ કહી નાંખેલું કે અમદાવાદ, ગાંધીનગરમાં પાપીઓ વધી ગયા છે એટલે ત્યાં વરસાદ નથી પડતો! લો બોલો, આખા રાજ્યમાંથી લોકો બે પૈસા કમાવા કે સરકારી નોકરી શોધવા અમદાવાદ-ગાંધીનગર સુધી લાંબા થાય છે અને પછી એ જ એમ કહે કે આ શહેરોમાં પાપીઓ વધી ગયા ત્યારે અમારે શું માનવું?

ગાંધીનગરમાં તો રથયાત્રા નીકળી એ દિવસે ભગવાન પર અમી છાંટણા ના થતા કેટલાક ભક્તોએ પ્રભુને જબ્બર ફરિયાદ કરેલી. ભગવાને પણ ભક્તોની વાત માન્ય રાખી હતી અને તે દિવસથી જ આખા ગુજરાતમાં બધે વરસાદ મોકલી આપેલ.

સમગ્ર ગુજરાત રાજ્યમાં હવે વરસાદ બરાબર જામ્યો છે ત્યારે ગરમીથી કંટાળેલા લોકો એને માણવાને બદલે પાછા મારો જિલ્લો આવો ને તારો તેવો કરવા લાગ્યા છે. રાજકોટમાં આટલું પાણી અને અમદાવાદમાં આટલું પાણી એ તો ઠીક મારા ભૈ પણ રાજકોટમાં રોડ પર આટલા ખાડા પડ્યા ને અમદાવાદમાં આટલા ભૂવા પડ્યા એ વાતે'ય શબ્દોથી બાથમબાથી કરવા લાગે ત્યારે બળ્યું મને બહુ દાંત આવે!

અમદાવાદમાં એક જગ્યાએ ભૂવો પડ્યો હતો અને કોઈક બિચારા માસૂમ જીવની આખેઆખી ગાડી એ ભૂવામાં ગરકી ગયેલી. કોઈક ભાઈ/બહેને એ અડધી બહાર ને રોડની અંદર ઘુસી ગયેલી ગાડીનો ફોટો પાડી સોશ્યલ મીડિયા પર મૂક્યો ને એ ફોટો તરત વાઈરલ થઈ ગયો. તમને થશે કે લોકોએ એ ગાડીના માલિક પ્રત્યે સહાનુભૂતિ દેખાડી હશે, કેટલાક ક્રાંતિકારી મનના મનુષ્યોએ જેણે એ રસ્તો બનાવ્યો હતો એને અવળે હાથ લીધો હશે, ખરું? આવું જ બનવું જોઈએ પણ એવું બનતું નથી એની તો મોકાણ છે...લોકોએ તો આ ગંભીર પ્રસંગને પણ મજાક બનાવી લીધો!

એક જણાએ લખ્યું કે આ ગાડી પાતાળ લોકનો રસ્તો શોધી રહી છે. કોઈ'કે વળી હોલિવુડની ફિલ્મ જોઈ જોઈ અતિ એડવાન્સ થઈ ગયેલા મગજમાંથી આઈડિયા કાઢી લખ્યું, સાહેબ અહીંયા ભૂગર્ભ ટનલ બનાવી રહ્યા છે એનું જ ચેકીંગ ચાલે છે! અહીંથી તમે રોડની અંદર સરકી જાઓ તે આગળ જ્યાં બહાર નીકળો ત્યાં એક જેટ પ્લેન તમારી રાહ જોઈ ઊભું હશે. એક બીજા બુધ્ધિજીવી ભાઈએ લખ્યું કે આપણા દેશમાં પણ શ્રીલંકા જેવું થાય તો ભાગી જવાનો માર્ગ મોકળો બને એ માટે સરકાર હાથે કરીને આવા રસ્તા બનાવડાવે છે. એ તો ઉપર ઉપરથી રોડ છે, નીચે ખૂફિયા રસ્તો છે!

નવા બનેલા રસ્તાઓ જો એક જ વરસાદમાં ધોવાઈ જતા હોય, એમાં મોટા મોટા ખાડા કે ભૂવા પડી જતાં હોય તો સમજદાર લોકો આવું કેમ કરતા થયું એ વિચારે અને ફરીથી આવું ના થાય એ માટે જે પગલાં લઈ શકાય એમ હોય તે લે...સમજદાર લોકો આવું વિચારે એમ મેં કહ્યું. કયા શહેરમાં કેટલા સમજદાર માણસો ભર્યા છે એ જાણવું હોય તો એ શહેરના લોકોનું સોશ્યલ મીડિયા પરનું લખાણ વાંચી આવવું. લોકો એમના મગજની જે ઊલટીઓ ત્યાં ઠાલવે છે, બાપરે!

વરસાદનું પાણી ભરાયુ હોય એમાંય લોકોને મજાક સૂઝે છે. એક જગ્યાએ કાકા, કાકી અને એમનો કીકલો વરસાદમાં ભરાયેલા પાણીમાં ચાલીને આગળ વધી રહ્યાં હતાં. પહેલાં પાણી ઘૂંટણ સુધી હતું, એમને એમ કે જતું રહેવાશે. એ આગળ વધતાં હતાં ત્યાં પાણીમાં સાપ આવ્યો. કાકીએ દાંત નીચે હોઠ ભીડીને ધીમા અવાજે કહ્યું, "સાપ...સાપ..." કાકાને પહેલાં તો "બાપ" એમ સંભળાયું એટલે એમણે કોઈ પ્રતિક્રિયા ના આપી પણ બીજી જ પળે એમની તરફ પાણીમાં સરર...કરીને દોડી આવતા સાપને જોઈ એ બરાબરના ગભરાયા. ગભરાહટમાં જ એમણે એ સાપને હાથમાં પકડેલી છત્રીની દાંડી વડે એક મારીને હવ